Letter No: FED/0504/03/2025 Approved Date: 26-03-2025

સને ૨૦૨૪-૨૫ના વર્ષના અંદાજપત્રમાં અંદાજપત્રીય જોગવાઇમાંથી ગુજરાત ઇકોલોજીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ(ગીર) ફાઉન્ડેશનને માર્ચ – ૨૦૨૫ થી માર્ચ – ૨૦૨૫ સુધીની ગ્રાન્ટ ફાળવણી બાબત.

માંગણી નં. ૨૭ મુખ્ય સદરઃ ૩૪૩૫.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2023/2689/E
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**
(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૧/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2023/2689/E
(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૧/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2023/3119/E
(3) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૩/૦૩/૨૦૨૫નો *IFMS* હેઠળ ગ્રાન્ટ રીલીઝ ઓર્ડર
(૪) વન અને પર્યાવરણ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા. ૨૦/૦૩/૨૦૨૫
(૫) ગીર ફાઉંડેશનનો તા. ૨૫/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: હસબ/ ૨૭-૩૪૩૫/ અ-૯૦૩૩.

**આમુખ:**
સંદર્ભ (૧) ના વંચાણે લીધેલ તા. ૦૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર માટે સને ૨૦૨૪-૨૫માં ચાલુ બાબતના રૂ. ૩,૮૩,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ કરોડ ત્યાંસી લાખ પુરા)ની અંદાજપત્રમાં અંદાજપત્રીય જોગવાઈ અન્વયે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.
સંદર્ભ (૨)ના વંચાણે લીધેલ તા. ૦૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર માટે સને ૨૦૨૪-૨૫માં નવી બાબત "દરિયાકાંઠાના પાણીની ભૌતિક રાસાયણિક લાક્ષણિકતાઓનું મૂલ્યાંકન" માટે રૂ. ૭૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પંચોતેર લાખ પુરા)ની અંદાજપત્રીય જોગવાઈ એમ કુલ રૂ. ૪,૫૮,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ચાર કરોડ અઠ્ઠાવન લાખ પૂરા)ની જોગવાઇ કરવામાં આવેલ છે.

**ઠરાવ:**
સંદર્ભ(3)ના તા. ૧૩/૦૩/૨૦૨૫ના *IFMS* હેઠળ ગ્રાન્ટ રીલીઝ ઓર્ડરથી વિભાગની બજેટ શાખા દ્વારા ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર માટે સુધારેલા અંદાજો અન્વયે માર્ચ – ૨૦૨૫ થી માર્ચ - ૨૦૨૫ સુધીના સમયગાળા માટે રૂ. ૪,૫૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર કરોડ છપ્પન લાખ પૂરા)ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. જેને ધ્યાને લઇ ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરને માર્ચ – ૨૦૨૫ થી માર્ચ - ૨૦૨૫ સુધીના ખર્ચને પહોંચી વળવા માટે રૂ. ૪,૫૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર કરોડ છપ્પન લાખ પૂરા)ની સહાયક અનુદાનની રકમ ફાળવવા સંદર્ભ (૪)નો સમાનાંકી તા. ૨૦/૦૩/૨૦૨૫નો ઠરાવ કરવામાં આવેલ, જે રદ્દ કરવામાં આવે છે. સંદર્ભ (૫)ની દરખાસ્તથી ગીર ફાઉંડેશન દ્વારા કરવામાં આવેલ રજૂઆતને ધ્યાનમાં લઇ ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરને માર્ચ – ૨૦૨૫ થી માર્ચ - ૨૦૨૫ સુધીના ખર્ચને પહોંચી વળવા માટે રૂ. ૯૭,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા સત્તાણું લાખ પૂરા)ની સહાયક અનુદાનની રકમ ફાળવવા આથી ફાળવામાં આવે છે. જે અંગેનો ખર્ચ નીચેની શરતોને આધિન કરવાનો રહેશે.

**શરતો:**
1) આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૪ થી કરવાનો રહેશે.
2) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર **(No Objection Certificate)** મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
8) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
9) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
10) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11) **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

**12)** સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
**13) C.M Dash Board** સાથે યોજના **Link** કરવાની રહેશે.
**14)** યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
**15)** આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
**16)** પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.
**17)** દરેક ત્રિમાસિક ગાળાને અંતે ખર્ચની વિગતો અચૂકપણે વહીવટી વિભાગને રજૂ કરવાની રહેશે.
**18) Revised Estimate (RE)** વર્ષ ૨૦૨૪-૨૫ની વિગતો ધ્યાને લઈ જો ગ્રાન્ટની ફાળવણી **Revised Estimate (RE)** કરતાં વધી જાય તો સરકારમાં ગ્રાન્ટ પરત કરવાની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ આયોજન હેઠળના બજેટ સદરે ૨૦૨૪-૨૫ના વર્ષમાં કરેલ બજેટ જોગવાઇમાંથી ઉધારવાનું રહેશે.

માંગણી નંબર : - ૨૭
સેક્ટર :- (ગ) આર્થિક સેવાઓ
પેટા સેક્ટર :- (ટ) વિજ્ઞાન પ્રૌદ્યોગિકી અને પર્યાવરણ
મુખ્ય સદર :- ૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ
પેટા મુખ્ય સદર :- ૦૩ પર્યાવરણલક્ષી સંશોધન અને પરિસ્થિતિ વિજ્ઞાનલક્ષી પુનર્નિર્માણ
ગૌણ સદર :- ૦૦૩ પર્યાવરણલક્ષી શિક્ષણ / તાલીમ / વિસ્તરણ
પેટા સદર :- ૦૨ ઈપીસી -૧ ગુજરાત પરિસ્થિતિ વિષયક શિક્ષણ અને સંશોધન સંસ્થાને સહાયક અનુદાન (આયોજન)

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(હિમાંશુ ગોહિલ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, ગુજરાત ઈકોલૉજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ(ગીર) ફાઉન્ડેશન, પ્રકૃતિ ઉધાન ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રેસકોર્સ ગુજરાત રાજ્ય, રાજકોટ.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રોકડ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી,જિલ્લા સેવા સદન, સેક્ટરઃ ૧૧, ગાંધીનગર
- નાણા વિભાગ, ક શાખા, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની બજેટ શાખા.
- શાખા સિલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકરીની સિલેકટ ફાઈલ

✓ આઈ ટી સેલ તરફ અપલોડ સારૂ.

Validity unknown

Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025 03.26
17:03:53 +5:30